# પ્રોટેક્ટ ઓઝોન લેયર વિષય પર સેમિનાર

# પારૂલ ઈન્સ્ટિટયુટ ખાતે એન્જિનીયર્સ ડેની ઉજવણી

**ભાસ્કર ન્યૂઝ** । વડોદરા

પારૂલ ઈન્સ્ટિટયુટ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેક્નોલોજિમાં ગ્લોબલ વોર્મિંગ એન્ડ એનવાર્યમેન્ટના વિષય પર યોજાએલાં સેમિનારના રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝના વાઈસ પ્રેસિડન્ટ જીતેન્દ્ર દેસાઈએ જણાવ્યું હતું કે ઓઝોન પડની જાડાઈ ઘટી રહી છે. તેને કારણે વિશ્વમાં તેની આડ અસરો ફેલાઈ રહી છે. જે ચિંતાનો વિષય છે. તેઓએ પર્યાવરણની જાળવણી પર ભાર મુક્યો હતો.

આ પ્રસંગે ગુજરાત પોલ્યુઝન કંટ્રોલ બોર્ડના રીજિઓનલ ઓફિસર એ.દોલતીએ જણાવ્યુ હતું કે પૃથ્વીને બચાવવવાના દિવસો હવે નજીક આવી ગયા છે. તેને બચાવવા માટે સૌએ સહિયારો પ્રયાસ કરવો રહ્યો. તેઓએ ગ્લોબલ વોર્મિંગની અસરો વિષે જણાવ્યું હતું કે પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે. વૃક્ષોનો નાસ



તી રહ્યો છે. વિજળીનો વપરાસ વધી રહ્યો છે. વાહનો અને ઓદ્યોગિક એકમાં કાર્બન છોડી રહ્યા છે. આ તમામ નકારાત્મક વસ્તુઓથી પૃથ્વીને બચાવવી રહી.

સેમિનારમાં નંદેસરી ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશનના પ્રમુખ બાબુભાઈ પટેલે ગ્લોબલ વોર્મિંગ અંગે ચિંતા વ્યકત કરી હતી. તે ઓએ પબ્લીક ટ્રાન્સપોર્ટ પર ભાર આપતાં જણાવ્યું હતુ કે લોકોએ ખાનગી કે અંગત વાહનોનો વધુ પડતો વપરાશ ટાળવો જોઈએ. સાથે સાથે વધુ અને વધુ વૃક્ષો વાવવા જોઈએ.